| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૧૩–૧૧–૨૦૨૫ | | |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૩–૧૧–૨૦૨૫ | | |
| કેસ ફેંસલ થયા તા. | ૧૭–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૪ | ૦૪ |

**સુરેન્દ્રનગરના મે.સ્પેશ્યલ જજ અને છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરેન્દ્દનગર**

| | |
|---|
| **સ્પે.(ઈલે.) કેસ નં. ૬૫ /૨૦૨૫** |
| **આંક–૩૨** |

ફરીયાદી : **શ્રી સરકાર**

વિરૂધ્ધ

આરોપી : **મેહુલભાઈ વિનોદભાઈ મિયાવરા**
ઉ.વ.આ.૫૦, ધંધો:સફાઈ કામદાર
રહે.કુંભારપરા શેરી નં.૨,તા.વઢવાણ, જી.સુરેન્દ્દનગર.

==================================================

વિષય::– **ધ ઈન્ડીયન ઈલેકટ્રી સીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫.**

-----------------------------------------------------

| | |
|---|---|
| શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી | પી.બી.મકવાણા |
| આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી | એ.એમ.પાટડીયા |

==================================================

**–:: જજમેન્ટ ::–**

**(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩ વાંચતા)**

**(૧) ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ઈલે. એકટ ૨૦૦૩ ને વીજ અધિનિયમ તરીકે ઉલ્લેખવામાં આવશે.

**(૨)** ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી પીજીવીસીએલ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવાછતા, બનાવના દિવસે, સમયે અને

સ્થળે આરોપીએ પોતાના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાન પાસેના ઈલેકટ્રીક પોલ પરથી પ્રાઈવેટ સર્વીસ વાયર પોતાના મકાન સુધી લંબાવી, વીજ જોડાણ કરી,રુ।.૫૭૬૯–૯૨ પૈસાની વિજ ચોરી કરી, ધી ઇન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ ધોરણસર થવા વિનંતી છે.

## (૩) પોલીસ તપાસની વિગત::–

**૩.૧)** બાદ ફરીયાદીએ તપાસ એજન્સીને ફરીયાદ આપેલી છે. ત્યારબાદ પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ.

**૩.૨)** ત્યારબાદ જરુરી સાહેદોના નિવેદન લઈ, સી.આર.પી.સી.ની. કલમ–૧૫૫ થી કલમ–૧૭૨ લક્ષમા લઈ આરોપી સામે ઈન્ડીયન ઈલે. એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ પરંતુ ગુજરાત સરકારના નોટીફીકેશન મુજબ ઈલે.એકટ અન્વયેના કેસો સ્પેશ્યલ જજ, સુરેન્દ્રનગરને ચલાવવાની હકુમત હોઈ, આ કેસ અત્રેની કોટમાં સી.આર. પી.સી. કલમ–૨૦૯ હેઠળ કમીટ કરેલ છે.

## (૪) તહોમતનામા અંગે ::–

**૪.૧)** આ કેસના કામે આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ઈન્ડીયન ઈલે.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને જે અન્વયે આરોપીનું નિવેદન તહોમતનામા અંગે લેતા, આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા ક્રિ.પ્રો.કો.ક.૨૩૧(૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**૪.૨)** ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ જેમા આરોપી જણાવે છે કે, અમો નિર્દોષ હોય અમારા વિરુધ્ધ રાગધ્વેશ રાખી અમારી ઉપર ખોટી ફરીયાદ કરેલ છે.

૪.૩) ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**(૫) ફરીયાદ પક્ષનો પુરાવો::–**

**(૫.૧) ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.**

| Sr.No | Exhi | Description |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદી શૈલેષભાઈ પ્રેમજીભાઈ ચૌહાણની જુબાની |
| ૨ | ૧૧ | સાહેદ ભાવીનભાઈ ઉમેદભાઈ પટેલની જુબાની |
| ૩ | ૧૬ | પંચ જયદીપભાઈ સંગમભાઈ પાટડીયાની જુબાની |
| ૪ | ૧૮ | પંચ સંજયભાઈ મણીલાલ પરમારની જુબાની |
| ૫ | ૧૯ | સાહેદ ભરતભાઈ મનુભાઈ પટેલની જુબાની |
| ૬ | ૨૦ | સાહેદ ધીરુભાઈ ધનજીભાઈ પંડીતની જુબાની |
| ૭ | ૨૧ | સાહેદ અશ્વીનભાઈ રમેશકુમાર ચૌહાણની જુબાની |
| ૮ | ૨૨ | ત.ક.અ.મહાવીરસિંહ ગોવિંદસિંહ પઢીયારની જુબાની |
| ૯ | ૨૭ | પીએસઓ મહીપતસીંહ ખુમાનસીંહ બારડની જુબાની |

**(૫.૨) ફરીયાદ પક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| Sr. No | Exhi | Description |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદ |
| ૨ | ૮ | પુરવણી બીલ મોકલ્યાનો પત્ર |
| ૩ | ૯ | એસેસમેન્ટ બીલ |
| ૪ | ૧૦ | એનેક્ષર–સી |
| ૫ | ૧૨ | ચેકીંગશીટ |
| ૬ | ૧૩ | રોજકામ |
| ૭ | ૧૪ | એનેક્ષર–૪ |
| ૮ | ૧૫ | ફોટોગ્રાફસ |
| ૯ | ૧૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૧૦ | ૨૩ | આરોપીને આપેલ નોટીસ |

| | | |
|---|---|---|
| ૧૧ | ૨૪ | આરોપીના આધારકાર્ડની નકલ |
| ૧૨ | ૨૫ | નગરપાલીકાને લખેલ પત્ર |
| ૧૩ | ૨૬ | નગરપાલીકાએ આપેલ જવાબ |
| ૧૪ | ૨૮ | સ્ટેશન ડાયરીની ખરીનકલ |
| ૧૫ | ૨૯ | એફ.આઈ.આર. |

ત્યારબાદ ફરીયાદ પક્ષે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ થકી જાહેર કરવામાં આવેલ છે.

**(૬) કામચલાઉ ધોરણે લીધેલ પુરાવાની આખરી ગ્રાહયતા અંગે.**

**૬.૧)** આ કામમાં **આંક–૧૫** થી ફોટોગ્રાફસ રજુ છે અને સાહેદ ના પુરાવા મુજબ તેમના મોબાઇલમાંથી ફોટોગ્રાફસ લેવામાં આવેલા પરંતુ આ કામે કોઇ જ સર્ટીફીકેટ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી માં જણાવ્યા મુજબનું રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, અસલ સોર્સ કે જેમાંથી આ ફોટો પાડવામાં આવેલા છે તે પણ રજુ કરવામાં આવેલ નથી તેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫ (બી) ના સર્ટી.ના અભાવે અગાહ્ય બને છે.

**(૭) પક્ષકારોની દલીલ::**

**૭.૧) વિ.એ.પી.પી.શ્રીની દલીલ :–**

વિ.એ.પી.પી.શ્રીએ માખિક દલીલો કરેલ છે અને જણાવેલ છે કે, આ કામમાં ફરીયાદ મુજબ અને સ્થળ રાજકામ મુજબ વીજ કંપનીના અધિકારીઓએ બનાવ સ્થળે ગયેલ છે અને ફરીયાદ મુજબ આ કામના આરોપી બનાવ સ્થળે વીજ ચોરી કરતા મળી આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

**૭.૨)** વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે એ હકીકત પણ પુરવાર કરેલ છે કે, આ આરાપી જ બીન અધિકૃત રીતે આ ચોરી કરતા હતા અને જે જગ્યાએ બનાવ બનેલ છે તે આરોપીની જ માલીકીની જગ્યા હતી.

**૭.૩)** વધુમાં દલીલ કરેલ છે કે, આ કામમાં તપાસેલા વીજ કંપનીના અધિકારીઓ એક સરકારી કંપનીના કર્મચારીઓ છે અને તેઓની ફરજમાં

આવે છે કે, કોઈ વ્યકિત વીજ ચોરી કરે છે કે કેમ તેનું ચેકીંગ કરવુ અને આવા ચેકીંગ વખતે આરોપીએ આ કૃત્ય કરેલ છે અને આ કર્મચારીઓ અને આરોપી વચ્ચે કોઇ વૈમનસ્ય હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર નથી અને આ કર્મચારીઓએ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેનું કોઇ જ રીતે ખંડન આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને તે સંજોગામાં આ સરકારી કર્મચારીઓ છે અને તટસ્થ વ્યકિતઓ છે તેથી, તેમને પુરાવો ન માનવાનું કોઈ કારણ નથી.

૭.૪) વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર એ હકીકત સાબીત કરેલ છે કે, તપાસ એજન્સીએ યોગ્ય રીતે ન્યાયીક રીતે તપાસ કરેલી છે. અને આરોપીને પુર્વગ્રહ થાય તેવી રીતે તપાસ કરેલ નથી. તે સંજોગોમાં તહોમત મુજબનો ગુનો આરોપી સામે ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર સાબીત કરેલ છે.

**(૮) આરોપી તરફે દલીલો :-**

૮.૧) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીની જ માલીકીનું આ સ્થળ હતુ તે હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબીત થયેલ નથી.

૮.૨) વધુમાં દલીલ કરેલ છે કે, આ કામમાં જે, ખરેખર આવુ વીજ ચેકીંગ કરેલ હોત તો કહેવાતા સ્થળની આજુબાજુ જે વ્યકિતઓ રહે છે તેઓના જવાબ તપાસ એજન્સીએ લીધા હોત અને એટલું જ નહીં, આવા તટસ્થ સાહેદોએ ફરીયાદપક્ષે તપાસેલા હોત અને તે સંજોગોમાં આ કૃત્યમાં આરોપીની સંડોવણી વ્યાજબી શંકાથી પર સાબીત થઇ શકેલ નથી.

૮.૩) વધુમાં દલીલ કરેલ છે કે સ્થળ ઉપર ગયેલ છે કે કેમ તે અંગે કયા વાહનમાં ગયેલ અને જો, સરકારી વાહનમાં ગયેલ હોય તો, આવા સરકારી વાહનની કોઈ લોગબુક પણ રજુ થયેલ નથી અને તે સંજોગોમાં વ્યાજબી શકથી પર સાબીત તહોમત મુજબની હકીકત ફરીયાદપક્ષ કરી શકેલ નથી તેથી, આરોપીને નિર્દોષ ઠરાવવા માટે દલીલ કરેલ છે.

**(૯) પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(ડી) મુજબ::–**

**૯.૧)** શું ફરિયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબિત કરે છે કે, આરોપી પીજીવીસીએલ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવાછતા, બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાન પાસેના ઈલેકટ્રીક પોલ પરથી પ્રાઈવેટ સર્વીસ વાયર પોતાના મકાન સુધી લંબાવી, વીજ જોડાણ કરી,રુા.૫૭૬૯–૯૨ પૈસાની વિજ ચોરી કરી, ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૯.૨)** શું આખરી હુકમ ?

**(૧૦) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**(૧૦.૧)** મુદા નં. ૧ ચર્ચા કર્યા મુજબ : નકારમાં

**(૧૦.૨)** મુદા નં. ૨ ચર્ચા કર્યા મુજબ : " આખરી હુકમ મુજબ"

## : : નિર્ણય અંગેનાં કારણો : :

**(૧૧) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૧.૧)** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઇએ નહીં.

**૧૧.૨)**જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઇપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઇઓ અપવાદોને

આધીન સમજવી :– આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૧.૩)** એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે. Beyond reasonable doubt એટલે શું ?

**૧૧.૪)** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt** – અંગે વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :– "Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે

તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૧.૫)** આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે, *That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice"*

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. *State of West Bengal ... Appellant Versus Orilal Jaiswal and Another Respondents Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated...."*

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

**૧૧.૬)** ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ મુજબ કોઇપણ હકીકત,

**દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની** મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઈ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ –૩ માં નીચે મુજબ આપવામા આવેલી છે જે નીચે મુજબ છે,

EVIDENCE:-Evidence means and includes -

1. all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌૈખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct:**

*Oral Evidence must, in all cases whatever, be direct, that is to say it it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;*

*If it refers to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;*

*If it is refers to a fact which could be perceived by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;*

*If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:*

*Provided that the opinions of experts expressed in any treatise commonly offered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot*

*be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;*

*Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft, require the production of such material thing for its inspection."*

આમ, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યક્તિએ પોતાની પાંચ ઈન્દ્રીય પૈકી કોઈ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૧.૭)** તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં આવતા પુરાવાનો ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ થી કલમ–૩૦ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબિત કરવાની હોય છે. અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

**(૧૨) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–**

**૧૨.૧)** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૩)** ફરીયાદ પક્ષે આગળ ઉપર જણાવેલ પંચ સાહેદોને આંક–૧૬ તથા આંક–૧૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓને બોલાવી મને એક તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલી પંચાનામાની હકીકત વીશે તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવી સ્થાનીક જગ્યાના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે.

**સદર સાહેદોની ઉલટતપાસ જોતા, એ વાત ખરી છે કે, પોલીસે મારુ માત્ર નામ, સરનામુ પુછેલ. એ વાત ખરી છે કે પંચનામામાં લખ્યા મુજબ કોઈ હકીકત મે પોલીસને લખાવેલ નથી.**

**(૧૩.૧)** ફરીયાદ પક્ષે આગળ ઉપર જણાવેલ ફરીયાદીને આંક–૬ થી તપાસેલા છે, તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, હું ગઈ તા. ૧૩/૦૭/૨૦૨૧ ના રોજ સુરેન્દ્રનગર સીટી–૦૨ સબ ડીવીઝન માં જુ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે સમયે તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ ના.ઈ. બી.યુ.પટેલ, કા.ઈ. બી.એમ.પટેલ, લાઈનમેન ડી.ડી.પંડીત, લાઈનમેન એ.આર.ચૌહાણ અમારા સબ ડીવીઝન વિસ્તારના કાર્યક્ષેત્રમાં આવતા શારદા વીજય સોસાયટી, કુંભારપરમાં વીજચેકીંગ માટે ગયેલા. ત્યાં મેહુલભાઈ વીનોદભાઈ મીચાવરા ના રહેણાંકના મકાને જતા તેઓ વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં મકાન નજીક આવેલ હળવા દબાણની લાઈન સાથે ડાયરેટ લંગર નાખી વીજ જોડાણ કરી વીજ ચોરી કરતા હોવાનું માલુમ પડેલ હતા. ચેકીંગ સમયે સ્થળ પર ૦.૯૭૭ કીલો વોટ લોડ જોડેલ હતો. જેથી વીજ ચેકીંગ અધિકારીને સ્થળ પર વીજ ચોરી માલુમ પડેલ હોય ના.ઈ. બી.યુ.પટેલએ તેઓના હસ્તાક્ષરમાં ચેકીંગ શીટ તથા રોજકામ કરેલ હતુ. જે તમામ પેપર્સ અમારી ઓફીસમાં રજુ કરતા તેના આધારે અમોએ આરોપી સામે ઈલેક્ટ્રીક્ટ સીટી એક્ટ કલમ–૧૩૫ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે સદરહું જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. માં મોકલી આપેલ.

સદર સાહેદની ઉલટતપાસ જોતા, **એ વાત ખરી છે કે, વીજ ચેકીંગવાળી જગ્યાએ હું ગયેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમા કયા થાંભલેથી વીજ ચોરી કરવામાં આવેલી છે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની માલીકી અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરજ દરમ્યાન આવી ઘણી બધી ફરીયાદ કરેલ છે.**

**(૧૩.૨)** ફરીયાદ પક્ષે સાહેદ ભાવીનભાઈ ઉમેદભાઈ પટેલ આંક–૧૧ થી તથા સાહેદ ભરતભાઈ મનુભાઈ પટેલ આંક–૧૯ થી તથા સાહેદ

ધીરુભાઇ ધનજીભાઇ પંડીત આંક–૨૦ થી તથા સાહેદ અશ્વીનભાઇ રમેશકુમાર ચૌહાણ આંક–૨૧ થી તપાસેલા છે, તેઓ રેઈડીંગ પાર્ટીના સભ્ય છે. તેઓ બંનેની જુબાની વાંચતા અને તપાસતા એકસમાન પુરાવો આપેલ છે, જેમાં તેઓએ સરતપાસમાં એવો પુરાવો આપે છે કે, આ દરમ્યાન તા. ૧૩/૦૭/૨૦૨૧ના રોજ આરોપી મેહુલભાઇ વીનોદભાઇ મીચાવરા, રહે.સુરેન્દ્રનગર વાળાઓના ગામે વીજચેકીંગ માટે જતા તેઓ ગ્રાહક ન હોવા છતા હળવા દબાણની લાનઈમાં ગેર કાયદેસર રીતે લંગર નાખી ૯૭૭ વોટ વિજ ચોરી કરતા જણાયેલ જેથી મે વીજચેકીંગ અંગેની કાર્યવાહી કરી ચેકીંગશીટ, રોજકામ, એનેક્ષર–૦૪ તૈયાર કરેલ, તેમાં મારી તથા મારી સાથેના અધીકારીઓએ સહી કરેલ અનેસુરેન્દ્રનનગર સીટી–૦૨ સબ ડીવી. ના ના.ઈ.શ્રીને કાગળો જમા કરાવેલ, જેના આધારે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરાવેલ. તેમજ આ બનાવ સબંધે તપાસ કરનાર અધિકારીશ્રીએ મારો જવાબ લીધેલ.અમો જે જગ્યાએ વીજચેકીંગ કરેલ તે જગ્યા મેહુલભાઇ વીનોદભાઇ મીચાવરાની માલીકીનુ હોવાનુ જાણવા મળેલ હતુ.

સદર સાહેદોની ઉલટતપાસ જોતા, **એ વાત ખરી છે કે દરેક વીજ થાંભલાને નંબર હોય છે, મારા જવાબમાં કયા નંબરના થાંભલા પરથી વાયર ખેંચેલ તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે સર્વીસ વાયર બજારમાં સહેલાઇથી મળી રહે છે. એ વાત ખરી છે કે, ચેકીંગવાળી જગ્યાના માલીકીના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.**

**(૧૩.૩)** ફરીયાદ પક્ષે આગળ ઉપર જણાવેલ પીએસઓને આંક–૨૭ થી તપાસેલા છે, તેઓએ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓ જીયુવીએનએલ પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા તે સમયે ફરીયાદીની ફરીયાદ આવતા તે ઈલે.એકટ ૧૩૫ મુજબ રજીસ્ટરે લઇ, સદર ગુનાની તપાસ આગળની કાયદેસરની કાર્યવાહી માટે ત.ક.અ.ને સોંપી આપેલ.

સદર સાહેદની ઉલટતપાસ જોતા, સદર સાહેદની ઉલટતપાસ જોતા, **''એ વાત ખરી છે કે, મારી પાસે ફરીયાદ દાખલ થવા આવતા મે માત્ર ફરીયાદ દાખલ કરેલી, તે સીવાય કોઇ કામગીરી કરેલ નથી.''**

**(૧૩.૪)** ફરીયાદ પક્ષે આગળ ઉપર જણાવેલ તપાસ કરનાર અમલદારને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે, તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ જીયુવીએનએલ પો.સ્ટે.મા ફરજ બજાવે છે. આ દરમ્યાન આ ગુનાની આગળની તપાસ તેઓને સોંપતા સંભાળી લીધેલ અને જરુરી પંચનામા કરેલ તથા સાહેદોના નિવેદન લીધેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની ઉલટતપાસ જોતા, ''**એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય, માણસોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે આ બનાવવાળી જગ્યાની માલીકી અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી."**

**(૧૪) નામ. ગુજરાત હાઈકોર્ટે ૨૦૨૩ લો સ્યુટ (ગુજ) ૨૬૦૩ પટેલ કાંતીલાલ શંકરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાના પેરા–૯ માં એવું ઠરાવેલ છે કે,

*(9) In this regard, it would be appropriate to rely upon decision of this Court in case of State of Gujarat Vs. Khumansinh Ranjitsinh Jadeja, 2002 O AIJEL_HC 244888, where, in para-11, this Court has held as under:-*

*11 Considering the evidence on record, it has come out that the checking party has not taken any panchnama of the scene of offence nor any muddamal is seized by drawing panchnama to that effect nor in presence of any independent witness, nor statement of the independent persons who are having shops adjacent to the place of incident have been recorded by the checking party and also the complaint of the incident has been lodged after a delay of six months from the date of incident, for which no explanation has been tendered by the complainant. This Court is of the opinion that when a case of theft of electricity is alleged to have been occurred by the electricity Company, and when the checking is conducted, there should be panchnama of the scene of incident to clarify as to what was the*

*position of the Wires and Meter and as to how the theft of electricity has been committed by the offender. Here, apparently panchnama is not drawn, though the muddamal Meter and the Wires are seized, no statement of the persons residing nearby are recorded. The muddamal which was seized was never sent to the police."*

**(૧૪.૧)** ઉપરોકત બાબત અંગે **નામ. મધ્ય પ્રદેશ વડી અદાલતનો બાપુપુરી વિ. મધ્ય પ્રદેશ વિદ્યુત વિતરણ કંપની લી. નો ચુકાદો ૨૦૦૮ લોસ્યુટ (એમ.પી.) ૮૮૨** માં પ્રસિધ્ધ થયેલ છે જેમાં નીચે મુજબની હકીકત પેરા– ૧૪ અને ૧૫ માં જણાવેલી છે.

*According to Sub-section (4) of Section 100 of the Code Officer or other person who was making the search shall call upon two or more independent and respectable inhabitants of the locality in which the place of search was situated, who have been called and if no inhabitant of said locality was available or was willing to be a witness the search, the authorized officer may issue an order in writing to them, or any of them. CW-1, D.L. Koshtha has not called two independent witnesses of the said locality at the time of inspection and search of the field owned by the appellant. He has not seized any article which was used for theft of electricity and no reason has been assigned as to why the seizure of 5 HP motor pump, electric wire was not effected by which direct connection was taken from the L.T. line. In this view of the matter, proceeding of inspection and search suffer from serious defect. It appears that CW-1, Shri Koshtha was not acquainted with the provisions of Section 135 of the Act read with Section Section 100 (4) of the Code. Under Section 100 Sub-section (8) of the Code, serious consequences are prescribed, if without reasonable cause the person or persons called upon to witness the search by an order in writing delivered or tendered to them refuses or neglects to attend, shall be deemed to have committed the offence under Section 187 of the Indian Penal Code.*

*[15] It is crystal clear from the contents of the complaint and the statement of Shri Koshtha (CW-1) that he had not tried to secure*

*independent witnesses and also failed to assign any reason for not complying with the provision in this regard. In cross- examination Shri Koshtha has stated that the witnesses refused to sign on the seizure memo or Panchnama Ex. P/I. But, noting is mentioned in this regard on Panchnama Ex.P/I and the complaint is also silent on this aspect. It is also not mentioned in the complaint as well as in Court statement as to who were these witnesses and whether he ordered them in writing. Therefore, in the considered opinion of this Court, the statement in cross-examination Para 9 that witnesses refused to sign on panchnama was an after thought and not supported by any documentary evidence. In Para 2 of the complaint, it is printed about seizure of PVC wire its colour other electrical equipments were seized in presence of witnesses. Spot map was prepared on the spot, accused was present who was asked to sign on seizure memo and map and he refused to sign. Para 2 of the printed complaint is showing that the inspecting officer must seize the electric wire which was used for committing theft of electricity by taking direct connection from LT Line as also the electric equipments. In the instant case, nothing was seized though alleged that the appellant had taken connection from LT Line for running 5 HP electric motor pump.*

**૧૪.૨)** આ કામમાં કહેવાની જગ્યા આરોપીના કબજામાં હતી અને આરોપી જ વાપરતા હતા તેવો કોઈ સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી અને આ જગ્યાના આજુબાજુના સાહેદોના કોઈના નિવેદન લીધેલ નથી કે તેઓને તપાસેલ નથી તેમજ અધિકારી સાથે જનાર બીજા નજરે જોનાર સાહેદને પણ તપાસેલ નથી.

**૧૪.૩)** આ કામમાં ઉપરોકત પુરાવો જોતા કહેવાતુ સ્થળ વાળી જગ્યા આરોપીની માલીકીની હતી તે દર્શાવતો કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી. વધુમાં, આ જગ્યાના માલીક અથવા તો કબજેદાર આ કામના આરોપી જ હતા તે અંગે કોઈ લેખિત આધાર ફરીયાદ પણે રજુ કરેલ નથી. વધુમાં, આ આજુબાજુ જે મકાનો છે તે મકાનોના કોઈ માલીકોને પણ કે તેમાં રહેતા કોઈ વ્યક્તિઓને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદ

આપનાર સાહેદ સ્થળ ઉપર જનાર સાહેદ નથી. વધુમાં, સ્થળ ઉપર જનાર સાહેદે કયા કયા સાધનો વીજ વપરાશથી વાપરતા હતા અથવા તો આ મકાનમાં હતા તેની વિગત સોગંદ ઉપરના પુરાવામાં પણ જણાવેલ નથી. આ કામમાં બનાવ સ્થળના ફોટા રજુ થયેલ છે પરંતુ આ એક ઈલેકટોનિકસ એવીડન્સ છે અને આ એક ઈલેકટોનિક્સ એવીડન્સ અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી ની જોગવાઈ મુજબ કોઈ પ્રમાણ પત્ર રજુ થયેલ નથી કે જે મોબાઈલથી આ ફોટોગ્રાફ પાડયા તે મોબાઈલ એટલે કે મેઈન સોર્સ રજુ થયેલ નથી.

In the case **Aanandiben Amratbhai Patel Versus State Of Gujarat (2016 (0) GUJHC 30425)** held that, "Moreover, no evidence has been collected and produced on behalf of prosecution to prove the ownership of the house in question from the office of the panchayat and the said fact has also been admitted in cross-examination by the IO in her deposition at exh. 23." (para-5.2)

**૧૪.૪)** આમ, ઉપરોકત સંજોગોમાં નીચે મુજબની હકીકત બહાર આવે છે.

એ) સર્ચ ઉપરોકત કલમ–૧૩૫(૪) અને સી.આર.પી.સી.ની કલમ–૧૦૦ મુજબ કરવામાં આવેલ નથી અને કલમ–૧૦૦ ની જોગવાઈ આદેશાત્મક છે.

આ સંજોગોમાં આરોપી આ કૃત્યમાં સંડોવાયેલ છે તે બાબતે ફરીયાદપક્ષના કેસની સત્યતા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને વ્યાજબી શંકા એવી છે કે જેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય તે સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) આરોપી **મેહુલભાઈ વિનોદભાઈ મીચાવરા**નાઓને ધી ઈન્ડીયન ઈલે. એકટ– ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ક્રિ.પ્રો.કો.

કલમ–૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રુા.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા) નાજાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ ક્રિ.પ્રો.કો.કલમ–૪૫૨ મુજબ કરવામાં આવે છે.

આજ તારીખ– ૧૭ મી માહે: માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા. ૧૭–૦૩–૨૦૨૬

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
સ્પેશ્યલ જજ, સુરેન્દ્રનગર.
(કોડ નં.જીજે ૦૦૯૬૦)